તા. 01-05-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 01-05-2024 બપોરે : 1.20થી 1.30

વાર : બુધવાર

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

- ✓ લોકસભાના ત્રીજા તબક્કાની ચૂંટણીમાં 10 રાજ્યો અને 1 કેન્દ્રશાસિત પ્રદેશની મળીને કુલ 93 બેઠકો પર 7મી મેના રોજ મતદાન થશે...
- ✓ લોકસભા ચૂંટણી પ્રચાર માટે આજે પ્રધાનમંત્રી મોદી ગુજરાતમાં...કેન્દ્રીય મંત્રી અમિત શાહ છત્તીસગઢમાં....તો કૉંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી આસમમાં કરી રહ્યા છે ચૂંટણી પ્રચાર...
- ✓ ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુએ કહ્યું હમાસ સાથે વાટાઘાટો ચાલુ છતાં... ગાઝાના રફાક શહેર પર હુમલાઓ ચાલુ રહેશે...
- ✓ આજે ગુજરાત અને મહારાષ્ટ્રનો સ્થાપના દિવસ.....રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ તેમજ પ્રધાનમંત્રી મોદી સહિતના નેતાઓએ નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી...
- ✓ આજે આંતરરાષ્ટ્રીય મજૂર દિવસની પણ ઉજવણી...
- ✓ અને....IPL ક્રિકેટમાં ચેન્નઈ સુપર કિંગ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે ચેન્નઈમાં થશે મુકાબલો...

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

તા. 01-05-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *LOK POLLS- THIRD PHASE*

લોકસભાના ત્રીજા તબક્કા માટે 10 રાજ્યો તેમજ એક કેન્દ્રશાસિત પ્રદેશની મળીને કુલ 93 બેઠકો પર, 7 મેના રોજ મતદાન થશે.

મૂળત: 94 લોકસભા બેઠકો પર મતદાન થવાનું હતું. જોકે મધ્ય પ્રદેશની બેતુલ લોકસભા બેઠક પર બીજા તબક્કાને બદલે ત્રીજા તબક્કામાં થવા જઈ રહ્યું છે. આ ઉપરાંત ગુજરાતના સુરતમાં ભાજપ ઉમેદવાર બિન-હરિફ ચૂંટાઈ આવ્યા છે, જ્યારે કે જમ્મૂ કાશ્મીરના અનંતનાગ-રાજૌરી બેઠક પર મતદાનની તારીખ બદલાતા હવે કુલ 93 બેઠકો પર મતદાન થશે.

આ તબક્કામાં ગુજરાતની 25 બેઠકો, કર્ણાટકની 14, મહારાષ્ટ્રની 11 અને ઉત્તર પ્રદેશની 10 બેઠકો પર મતદાન થશે. ઉપરાંત મધ્ય પ્રદેશની 9, છત્તીસગઢની 7, બિહારની 5, આસમ, પશ્ચિમ બંગાળની 4 બેઠકો, ગોવા, દીવ-દમણ અને દાદરા નગર હવેલીની એક બેઠક પર મતદાન થશે.

ત્રીજા તબક્કામાં મતદાન પૂર્ણ થતા કુલ 16 રાજ્યોમાં મતદાનની પ્રક્રિયા પૂર્ણ થશે, જેમાં ઉત્તર પૂર્વીય રાજ્યો ઉપરાંત આંદમાન અને નિકોબાર, પુડુચેરી, લક્ષદીપ, દીવ – દમણ તેમજ દાદરાનગર હવેલી સામેલ છે.

તા. 01-05-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *ELECTION CAMPAGIN*

લોકસભા ચૂંટણીનો ત્રીજો તબક્કો નજીક આવી રહ્યો છે ત્યારે આજે દેશભરમાં વિવિધ રાજકીય પક્ષો ચૂંટણી રેલીઓ સંબોધિત કરીને પોતપોતાની પાર્ટીના ઉમેદવારોનો પ્રચાર કરશે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતના બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં ચૂંટણી રેલીઓ કરશે. ગૃહમંત્રી અને ભાજપના નેતા અમિત શાહ છત્તીસગઢના કોરબામાં જનસભાને સંબોધશે. કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી આસામના ધુબરી ખાતે પ્રચાર કરશે.

સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવ મૈનપુરી લોકસભા બેઠક પરથી પાર્ટીના ઉમેદવાર ડિમ્પલ યાદવ માટે પ્રચાર કરશે. રાજસ્થાનના મુખ્યમંત્રી અને ભાજપના નેતા ભજન લાલ લોકસભાના ઉમેદવાર મનીષ જયસ્વાલના સમર્થનમાં ઝારખંડના હજારીબાગમાં જાહેર સભા કરશે અને નામાંકન કાર્યક્રમમાં પણ ભાગ લેશે.

તા. 01-05-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# ELECTION - JAMMU

ચૂંટણી પંચે કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરના અનંતનાગ-રાજૌરી સંસદીય મતવિસ્તારમાં લોકસભા ચુંટણી માટે મતદાનની તારીખ 7 મે થી બદલીને 25 મે કરી છે.

ચૂંટણી પંચે જમ્મુ અને કાશ્મીરના અનંતનાગ-રાજૌરી સંસદીય ક્ષેત્રની લોકસભા ચૂંટણી માટેના મતદાન કાર્યક્રમમાં સુધારો કર્યો છે. આ બેઠક પર ત્રીજા તબક્કામાં 7 મેના રોજ ચૂંટણી થવાની હતી, હવે છઠ્ઠા તબક્કામાં 25 મેના રોજ મતદાન થશે. પંચે કહ્યું છે કે કેન્દ્રશાસિત પ્રદેશમાં પ્રચાર દરમિયાન વિવિધ સામગ્રી, સંદેશાવ્યવહાર અને કુદરતી અવરોધોને કારણે ઉમેદવારો માટે વાજબી તકોના અભાવ અંગે વિવિધ રાજકીય પક્ષોની રજૂઆતો પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

તા. 01-05-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *DELHI POLICE SEARCH*

દિલ્હી અને એનસીઆર ક્ષેત્રની કેટલીક શાળાઓને બોમ્બની ધમકી સંબંધિત ઈમેલ મળ્યો છે.

દિલ્હી પોલીસ અધિકારીએ જણાવ્યું કે શાળાઓને ઈમેલ દ્વારા ધમકી મળી છે અને તપાસ ચાલી રહી છે. અત્યાર સુધીની તપાસમાં  કંઈપણ શંકાસ્પદ મળ્યું નથી તેમ પોલીસ દ્વારા જણાવાયું છે. પોલીસે વાલીઓ અને વિદ્યાર્થીઓને ગભરાવવાની જરૂરીયાત ન હોવાનું જણાવ્યું હતું.

દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર, વિનય કુમાર સક્સેનાએ દિલ્હી પોલીસ કમિશનર સંજય અરોરા સાથે આ અંગે વાત કરીને શાળાઓમાં બોમ્બની ધમકી અંગે વિગતવાર અહેવાલ માંગ્યો છે.  શ્રી સક્સેનાએ દિલ્હી પોલીસને શાળાના પરિસરમાં સંપૂર્ણ તપાસ કરવા, ગુનેગારોને ઓળખવા અને કોઈપણ પ્રકારની   ક્ષતિ ન થાય તેની ખાતરી કરવા નિર્દેશ આપ્યા છે.

દિલ્હીના શિક્ષણ મંત્રી આતિશીએ કહ્યું કે, વિદ્યાર્થીઓને શાળાઓમાંથી બહાર લાવવામાં આવ્યા છે અને દિલ્હી પોલીસ દ્વારા શાળાના પરિસરની તપાસ કરવામાં આવી રહી છે. શિક્ષણ મંત્રીએ ઉમેર્યું હતું કે , હજુ સુધી કોઈ પણ શાળામાંથી કંઈ શંકાસ્પદ મળ્યું નથી. દિલ્હી સરકાર પોલીસ અને શાળાઓ સાથે સતત સંપર્કમાં હોવાનું પણ જણાવાઇ રહ્યું છે..

તા. 01-05-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *ISRAEL*

ઈઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુએ કહ્યું છે કે આતંકવાદી જૂથ હમાસ પાસેથી બંધકોને મુક્ત કરાવવાની વાતચીત ચાલતી હોવા છતાં દક્ષિણ ગાઝા શહેર રફાહ પર હુમલા ચાલુ રહેશે.

તેમણે કહ્યું કે સંપૂર્ણ વિજય માટે ઈઝરાયેલની સેના રફાહમાં પ્રવેશ કરશે અને ત્યાં હમાસ બટાલિયનનો નાશ કરશે.

શ્રી નેતન્યાહુનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે અમેરિકી વિદેશ મંત્રી એન્ટની બ્લિંકન, ઈઝરાયેલના નેતાઓ અને અન્ય અધિકારીઓ સાથે બીજા તબકકાની વાતચીત માટે ઈઝરાયેલમાં છે. શ્રી બ્લિંકનની મુલાકાતનો હેતુ ગાઝામાં માનવતાવાદી સહાયતાનું મૂલ્યાંકન કરવાનો અને હમાસના કબજા માં રહેલા અમેરિકન બંધકોના પરિવારો ને મળવાનો છે. સોમવારે શ્રી બ્લિંકને હમાસના નિયંત્રણમાંથી બાકીના બંધકોને મુક્ત કરવાના મુદ્દે પ્રગતિ થઈ છે તેનો સંકેત આપતા ઇઝરાયેલને સંપૂર્ણ રફાહ પર નિયંત્રણ લેવા સામે ચેતવણી આપી હતી.

તા. 01-05-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *FOUNDATION DAY*

ગુજરાત અને મહારાષ્ટ્રનો આજે 65મો સ્થાપના દિવસ છે. આ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી મોદી સહિતના નેતાઓએ નાગરિકોને શુભેચ્છા પાઠવી હતી. આજના દિવસે એટલે કે 1 મે....1960ના રોજ બોમ્બે સ્ટેટનું વિભાજન થયું અને ગુજરાત તેમજ મહારાષ્ટ્રની રચના થઈ. ગુજરાતના 65માં સ્થાપના દિનની રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિતના નેતાઓએ પણ શુભકામનાઓ પાઠવી છે.

તા. 01-05-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *LABOUR DAY*

દુનિયાભરમાં શ્રમિકોના યોગદાનનું સમ્માન કરવા માટે આજે આંતરરાષ્ટ્રીય મજૂર દિવસ માનવવામાં આવી રહ્યો છે.

તેને ‘મે દિવસ’ના નામે પણ ઓળખવામાં આવે છે. દુનિયાભરમાં આર્થિક અને સામાજિક અધિકારોં મેળવવામાં શ્રમિકોએ આપેલા બલિદાનને શ્રદ્ધાંજલિ આપવા હેતુથી તેની ઉજવણી કરવામાં આવે છે. આ પ્રસંગે દેશ અને દુનિયાભરમાં વિવિધ પરેડ અને મેળાવડાઓ યોજાઈ રહ્યા છે.

તા. 01-05-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *IIMC - PG DEGREE*

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ માસ કોમ્યુનિકેશન – IIMC આગામી શૈક્ષણિક વર્ષથી બે નવા અનુસ્નાતક અભ્યાસક્રમો શરૂ કરશે.

સંસ્થાએ શૈક્ષણિક સત્ર 2024-25થી બે વર્ષના અભ્યાસક્રમ તરીકે મીડિયા પ્રોફેશનલ સ્ટડીઝ એન્ડ સ્ટ્રેટેજિક કોમ્યુનિકેશનમાં અનુસ્નાતક અભ્યાસક્રમ શરૂ કરવાની જાહેરાત કરી છે. ડીમ્ડ યુનિવર્સિટી જાહેર થયા બાદ સંસ્થાનો આ પ્રથમ અનુસ્નાતક ડિગ્રી અભ્યાસક્રમ છે. તે સંસ્થાના નવી દિલ્હી કેમ્પસમાં ભણાવવામાં આવશે અને  તે માટે 40 બેઠકો ઉપલબ્ધ હશે.

તા. 01-05-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *LPG PRICE*

ઓઇલ માર્કેટિંગ કંપનીઓએ તાત્કાલિક અસરથી કોમર્શિયલ એલપીજી ગેસ સિલિન્ડરના ભાવમાં પ્રતિ યુનિટ 19 રૂપિયાનો ઘટાડો કર્યો છે.

ઈન્ડિયન ઓઈલ દ્વારા જાહેર કરાયેલી નવી કિંમત મુજબ 19 કિલોના કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની છૂટક વેચાણ કિંમત દિલ્હીમાં 1 હજાર 745.50, કોલકાતામાં 1 હજાર 859 રૂપિયા, મુંબઈમાં 1 હજાર 698.5 રૂપિયા અને ચેન્નાઈમાં 1 હજાર 911 રૂપિયા હશે. સબસિડી વિનાના, સ્થાનિક વપરાશના એલપીજીના ભાવ જો કે હાલના સ્તરે યથાવત રાખવામાં આવ્યા હતા.

તા. 01-05-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *IMD*

ભારતીય હવામાન વિભાગ એ આજે અને આવતીકાલે ગંગાતટના પશ્ચિમ બંગાળ, ઓડિશા અને બિહાર અને ઝારખંડમાં તિવ્ર ગરમીના મોજા સાથે  માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે.

આ ઉપરાંત દક્ષિણ ભારતમાં, આગામી 4 દિવસ દરમિયાન તેલંગાણા, કર્ણાટક, આંધ્રપ્રદેશ, કેરળ, તમિલનાડુ અને પુડુચેરીના ભાગોમાં ગરમીનું મોજું પ્રવર્તશે તેવી પણ આગાહી કરી છે.

હવામાન એજન્સીએ આવતીકાલ સુધી ઉત્તર પશ્ચિમ ભારતમાં મહત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની આગાહી કરી છે. જો કે, આગામી 4 દિવસ દરમિયાન મધ્ય ભારતમાં તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની ધારણા છે. દેશના બાકીના ભાગોમાં કોઈ નોંધપાત્ર ફેરફારની અપેક્ષા નથી.દરમિયાન, IMD એ આગામી 4 દિવસ દરમિયાન અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, સિક્કિમ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં હળવાથી મધ્યમ વરસાદ અને હિમવર્ષાની આગાહી કરી છે.

તા. 01-05-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *IPL*

આઈપીએલ ક્રિકેટમાં આજે ચેન્નાઈ સુપર કિંગ્સનો મુકાબલો પંજાબ કિંગ્સ સામે થશે.

દરમિયાન ગઇકાલે રમાયેલી મેચમાં લખનૌ સુપર જાયન્ટ્સે મુંબઈ ઈન્ડિયન્સને ચાર વિકેટથી પરાજય આપ્યો હતો.

લખનૌના એકાના સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં, લખનૌ સુપર જાયન્ટ્સે 145 રનનો ટાર્ગેટ 19 ઓવર અને બે બોલમાં છ વિકેટ ગુમાવીને હાંસલ કર્યો હતો. લખનૌ તરફથી માર્કસ સ્ટોઇનિસે 45 બોલમાં 62 રન બનાવ્યા હતા.

અગાઉ મુંબઈ ઈન્ડિયન્સે 20 ઓવરમાં સાત વિકેટે 144 રન બનાવ્યા હતા. મુંબઈ તરફથી નેહલ વાઢેરાએ 41 બોલમાં 46 રનની બનાવ્યા હતા

આ જીત સાથે લખનૌ સુપર જાયન્ટ્સ પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને જ્યારે મુંબઈ ઈન્ડિયન્સ નવમા સ્થાને છે.

તા. 01-05-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *WOMEN T 20*

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે બાંગ્લાદેશ સામે રમાઈ રહેલી 5 T20 શ્રેણીની બીજી મેચ 19 રને જીતી લીધી છે.

ગઈકાલે સિલ્હેટ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં ભારતીય મહિલા ટીમે DLS પદ્ધતિના આધારે વિજય મેળવ્યો હતો. અગાઉ યજમાન બાંગ્લાદેશની ટીમે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો.તેના જવાબમાં ભારતીય મહિલા ટીમે ખૂબ સારી શરૂઆત કરી હતી અને 5.2 ઓવરમાં 1 વિકેટ ગુમાવીને 45 રન બનાવ્યા હતા. જો કે વરસાદના કારણે મેચ અટકાવવી પડી હતી.